**સેશન્સ કેસ નંબરઃ–૪૭/૨૦૨૫**
**આંક –૧૮**

| સેશન્સ કેસ નંબરઃ– ૪૭/૨૦૨૫ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૦૧ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | રાજપુત જયસીંહ જુઠાજી | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નં બર | 9898314479 |
| ઉંમર આશરે | ૩૫ | વરસની | ધંધો | ખેતી |
| રહેવાનુ | ધરણોધર તા.ધાનેરા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | એસ.કે.જોષી રજા પર હોય ઈ.ચા.વી.બી.કંસારા. |

(૧) હું બાર ધોરણ પાસ છું. અમે પાંચ ભાઈબહેન છીએ. જેમાં થી સૌથી મોટા સદણાજી તેનાથી નાની એવનબેન પછી હું મારાથી નાના આશુજી તેનાથી નાનો મોડાજી છે. મારા પિતાજી ખેતી કરે છે. મારા મોટાભાઈ અમારાથી જુદા રહે છે બાકીના બધા ભાઈબહેનો તથા મારા માતા પિતા સાથે રહીએ છીએ.

(૨) બનાવ તા.૨૭/૯/૨૩ના રોજ સવારે ૧૧:૪૦ વાગ્યાની આસપાસ બનેલો. તે સમયે હું મારા ઘરે હતો અને ખેતરમાં કામ કરતો હતો. આ બનાવ અમારુ બીજુ ખેતર જે હંસાભાઈની જોડે આવેલુ છે અને તે અમે વેચાણ રાખેલુ છે ત્યાં બનેલો. મારા પિતા સવારે ઢોર ચરાવવા તે ખેતરમાં ગયેલા તે સમયે મારા પિતાનો સવારે ૧૧:૪૦નો ફોન આવેલ અને કહેલ કે હંસાજી અને તેમના કુટુંબીઓએ એક થઈને મારી ઉપર હુમલો કરેલ છે તેથી જલ્દી આવ આવી વાત કરતા હું મારુ મો.સા. લઈને ખેતરે ગયેલો ત્યારે મારા પિતા લોહી લુહાણ હાલતમાં ખેતરના

સાહેદની સહી.............................

શેઢા ઉપર પડેલ હતા અને તેમના કપાળના ભાગ ઉપર થી ગાલમાંથી લોહી આવતુ હતું અને મારા પિતાજીએ કહેલુ કે હંસાજી મારા કપાળના ભાગે કુહાડી મારેલ છે અને તેમની પત્ની, તેમની બે દિકરીઓ, તેમની એક પુત્રવધુ અને હંસાજીના પુત્ર હિતેશભાઈએ લાકડી મને માર મારેલ છે. હું જયારે ખેતરમાં ગયેલો ત્યારે હંસાજીના હાથમાં કુહાડી હતી અને બાકીના પાંચેય જણાના હાથમાં લાકડીઓ હતી મને આ લોકોના હાથમાં હથિયારો જોઈને બીક લાગતા મારા કાકા દેવાજી સુરતાજી અને આશુજી જુઠાજીને ફોન કરેલો. આ બંન્ને જણા ટ્રેકટર લઈને અમારા ખેતરે આવેલા અને હું તથા મારા કાકા દેવાજી તથા આશુજી જુઠાજી અને જુઠાજી સુરતાજી આ ચારેય જણા થઈને હંસાજી મગાજી ને પુછવા ગયેલ કે મારા પિતાજીને કેમ મારેલા ત્યારે હંસાજી અને હિતેશભાઈ માબેન સામી ભુંડી ભુંડી ગાળો બોલવા લાગેલા અને આ લોકોએ તેમની પત્ની તેમની બે દિકરીઓ અને પુત્રવધુને કહેલ કે તમે લોકો અમારા ઉપર હુમલો કરવાની ઉશ્કેરણી કરેલી અને તેમને મારીને ભગાડી નાંખો. ત્યારે આ ચારેય મહીલાઓ આવેશમાં આવીને મારી ઉપર તેમજ મારા કાકા દેવાજી લાકડીઓ વડે હુમલો કરેલો. જેમાં મારા ડાબા હાથે તેમજ જમણા હાથે ઈજાઓ થયેલી તથા દેવાજીના જમણા હાથે ઈજા થયેલી અને આ લોકોએ કહ્યુ કે તમે આવી ગયા તો તમે બચી ગયા છો હવે પછી આ ખેતરમાં આવ્યા તો જાનથી મારી નાંખીશું. તેવુ કહેતા તે સમયે પોલીસ આવી ગયેલી અને પોલીસ મને તેમની ગાડીમાં લઈ ગયેલા ધાનેરા દવાખાને લઈ ગયેલા અને મારા પિતાને વધુ વાગેલ હોવાથી તેમને પાલનપુર રીફર કરેલા. આ બનાવની ફરીયાદ મે આપેલી. પોલીસે મારો વધુ જવાબ લીધેલો.

આરોપીઓને હું જોયે ઓળખુ છું, જેમાં હંસાજી મગાજી હાજર છે બીજા આરોપીઓની ઓળખ અંગે કોઈ તકરાર નથી.

સાહેદની સહી............................

મને ચાર્જશીટ સાથે રજુ થયેલા પોલીસ પેપર્સમાંથી ખરી નકલમાંથી એક ફરીયાદની ખરી નકલ બતાવવામાં આવે છે, જેમાં મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છું, જેને પ્રોસીકયુશન પક્ષ આંક આપવાની માંગણી કરતા સદર કેસ મેજીસ્ટ્રેટ ટ્રાયબલ હોય જેનુ ચાર્જશીટ મેજીસ્ટ્રેટ રજુ થયેલુ અને સદર કેસ સામે બીજી પણ ક્રોસ ફરીયાદ હોય બંન્ને કેસો ભેગા કરવાની ટ્રાન્સફર અરજી થયેલી જેના અનુસંધાને આ કેસ ટ્રાન્સફર થઈને આવેલ છે પરંતુ ઓરીજન કાગળો કયાં છે તે એ.પી.પી.શ્રી કે આ અદાલતને ખબર ન હોય ખરી નકલને દાખલ **<u>આંક:૧૯</u>** આપવામાં આવે છે. જો પબ્લીક પ્રોસીકયુટરશ્રીને ઓરીજનલ દસ્તાવેજો મળી આવે તો કેસ પુરો થાય તે પહેલા ઓરીજનલ ફરીયાદ આ કામે રજુ કરવાની રહેશે.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી મુદામાલ બતાવવામાં આવે તો હું ઓળખી શકું.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી મુદામાલ નં.૫(માર્ક:ઈ) બતાવવામાં આવે છે, સાહેદ જણાવે છે કે આ લોખંડના હાથાવાળી કુહાડી જે બનાવ વખતે હંસાજીના હાથમાં હતી, તે તેજ છે.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી મુદામાલ નં.૯(માર્ક:આઈ) બતાવવામાં આવે છે, સાહેદ જણાવે છે કે આ લાકડી જે બનાવ વખતે હંસાજીની પુત્રવધુના હાથમાં હતી, તે તેજ છે.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી મુદામાલ નં.૬(માર્ક:એફ) બતાવવામાં આવે છે, સાહેદ જણાવે છે કે આ લાકડી જે બનાવ વખતે હંસાજીની દિકરીના હાથમાં હતી, તે તેજ છે.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી મુદામાલ નં.૭(માર્ક:જી) બતાવવામાં આવે છે, સાહેદ જણાવે છે કે આ લોખંડના તારવાળી લાકડી જે બનાવ વખતે

સાહેદની સહી............................

હંસાજીની પત્નીના હાથમાં હતી, તે તેજ છે.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી મુદામાલ નં.૮(માર્ક:એચ) બતાવવામાં આવે છે, સાહેદ જણાવે છે કે આ લાકડી જે બનાવ વખતે હંસાજીની બીજી દિકરીના હાથમાં હતી, તે તેજ છે.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી મુદામાલ નં.૧૦(માર્ક:જે) બતાવવામાં આવે છે, સાહેદ જણાવે છે કે આ લાકડી જે બનાવ વખતે હંસાજીના પુત્ર હીતેશભાઈના હાથમાં હતી, તે તેજ છે.

**સરતપાસ પુરી....**

**<u>આરોપીઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી ટી.એ.ત્રિવેદી</u>**

(૩) તકરારી ખેતર અને અમારા ઘર વચ્ચે અંદાજે બે કિ.મી.અંતર છે. એ વાત ખરી છે કે તે સમયે હું ઘરે હતો. તે સમયે મારી મમ્મી સરૂબેન તથા મારી પત્ની ગીતાબેન હાજર હતા. તે સમયે મારી ફરીયાદ પ્રમાણે મારા બાપાનો મારા ઉપર ફોન આવેલો મને કહેલ કે મને વાગેલ છે. એ વાત ખરી છે કે મારી ફરીયાદમાં મારા પિતાએ કયા નંબર થી ફોન કરેલો અને મારા કયા નંબર ઉપર ફોન આવેલો તે દર્શાવેલ નથી. બનાવવાળી જગ્યાએ મો.સા. લઈને ગયેલા તે સમયે અમારા પક્ષના મારા બાપા હાજર હતા બીજુ કોઈ ન હતું. મારા બાપા બોલતા ચાલતા અને બનાવ વિશે વાકેફ હોય મને જાણ કરેલી. સદરહું બનાવ હંસાજીના ખેતરમાં બનેલ નથી પરંતુ અમારા ખેતરમાં બનેલ છે.

(૪) એ વાત ખરી છે કે હંસાજીનું ખેતર અમારી જોડે આવેલ છે. એ વાત ખરી નથી કે હંસાજી કુટુંબ સાથે ત્યાં રહે છે. ત્યાં ભાગીયો રહે છે. એ વાત ખરી છે કે અમારી સામે ફરીયાદ દાખલ કરેલ છે પરંતુ અમે હુમલો કરેલો નથી. એ વાત ખરી નથી કે સદરહુ ફરીયાદ પ્રમાણે અમો તથા બીજા આરોપીઓ હંસાજીના ખેતરમાં કબજો પડાવવા માટે હથિયાર ધારણ કરીને ખેતરમાં

સાહેદની સહી............................

ગયેલા. એ વાત ખરી નથી કે અમોએ હંસાજીને જાનથી મારી નાંખવા માટે હુમલો કરેલો. એ વાત ખરી નથી કે હંસાજીને બચાવવા માટે તેમની બે દિકરીઓ અને એક દિકરો હીતેશ અને તેની પત્ની તથા હંસાજી પત્ની દોડી આવેલા. એ વાત ખરી નથી કે અમોએ ભેગા થઈ હંસાજી પત્ની બે દિકરીઓ અને દિકરાની વહુ અને હિતેશને લાકડીઓ વડે ઈજા કરેલી. એ વાતની મને ખબર નથી કે ઉપરોકત વ્યકિતઓને ઈજા થયેલી જેથી તેમને દવાખાનામાં સારવાર લીધેલી. એ વાત ખરી નથી કે તેમને અસ્થિભંગની ઈજા હોવાથી ઓપરેશન પણ કરાવેલુ.

(૫) એ વાત ખરી છે કે હંસાજીએ અમારી સામે ધાનેરા કોર્ટમાં દાવો દાખલ કરેલો. એ વાતની મને ખબર નથી કે હંસાજીના ખેતરમાં પ્રવેશ ન કરવાનો તે બાબતનો ડીસ્ટ્રીકટ કોર્ટે મનાઈ હુકમ પણ આપેલો. એ વાત ખરી નથી કે મનાઈ હુકમ હોવા છતા અમારા ધ્વારા કબજો લેવાની કોશીશ કરેલી. એ વાતની મને ખબર નથી કે હંસાજીની ફરીયાદ બાબતનો બનાવનું વિડીયો રેકોર્ડીંગ થયેલુ અને જે રેકોર્ડીંગ પોલીસને આપવામાં આવેલું. એ વાતની મને ખબર નથી કે ધાનેરા પોલીસને બનાવની જાણ હંસાજી મારફતે કરવામાં આવેલી. એ વાત ખરી નથી કે હંસાજીના ફોન આધારે પોલીસે આવી ગયેલી અને બનાવની આજુબાજુ કોર્ડન કરેલ.

(૬) એ વાત ખરી નથી કે અમો ફરીયાદીપક્ષના માણસોએ એકસંપ થઈ લાડકી જેવા તિક્ષ્ણ હથિયાર ભેગા કરી કબજો લેવાના ઈરાદા બે ટ્રેકટરો લ ેવા હંસાજીની કબજાવાળી જગ્યામાં પ્રવેશ કરેલો અને હંસાજીને જાનથી મારી નાંખવાનો પ્રયત્ન કરેલો જેથી હંસાજી કુટુંબના સભ્યો વચ્ચે છોડાવવા માટે આવેલા અને તેમના સભ્યોએ હંસાજીને બચાવવા માટે અમારો સામનો કરેલો અને જેમાં જપાજપી થતા મારા પિતાજી ટ્રેકટર ઉપરથી પડી જવાથી ઈજા

સાહેદની સહી............................

થયેલી. એ વાત ખરી નથી કે અમારી સામે ઈ.પી.કો. કલમ–૩૦૭ વિગેરે બાબતની ફરીયાદ દાખલ થતા અમોએ બનાવનું સ્થળ બદલી આખો બનાવ ઉભો કરી બચાવ માટે અમારા ધ્વારા પાછળથી ખોટી ફરીયાદ આપેલ છે. એ વાત ખરી નથી કે અમારા કહેવા મુજબનો કોઈ બનાવ અમારા ખેતરમાં બનેલો નથી. એ વાત ખરી નથી કે હંસાજી અને તેમના કુટુંબના સભ્યોએ મારા પિતાને કુહાડી અને લાકડી જેવા તિક્ષ્ણ હથિયારોથી કોઈ ઈજા કરેલ નથી. એ વાત ખરી નથી કે હંસાજીની ફરીયાદના બચાવમાં ખોટી હકીકતો ઉભી કરી ફરીયાદ દાખલ કરેલ છે અને સોગંધ પર ખોટી જુબાની આપુ છું. એ વાત ખરી નથી કે મારા કહેવા મુજબનો કોઈ બનાવ બનેલ નથી.

**વિશેષ ઉલટતપાસ નથી,**
**ફેર ઉલટતપાસ નથી.**
**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

..........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૧૯/૦૧/૨૦૨૬ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>૬ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી..............................